પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૯૦ | ૩૦ ડિસેમ્બર, ૨૦૧૭, શનિવાર ; પોષ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મુંબઈમાં બર્થ-ડે પાર્ટીમાં અગ્નિતાંડવ : ૧૫ ભડથું



**મુંબઈમાં કમલા મિલ્સ કમ્પાઉન્ડમાં બનેલી ઘટના : ૧૬ લોકોને ઈજા, મૃતકોમાં ૧૨ મહિલા અને ત્રણ પુરુષોને સમાવેશ : ૧૨ના ટકોરે ખૂશ્બુએ કેક કાપી અને ૧૨.૩૦ વાગ્યે અચાનક આગ ફાટી નીકળતાં અફડાતફડી મચી : મુંબઈ રજા માણવા આવેલા યુએસના બે સગાભાઈઓના પણ મોત : મૃતકોમાં ૪ ગુજરાતીઓનો પણ સમાવેશ : પોલીસે પબના માલિકો સામે ગુનો નોંધ્યો**

મુંબઈ,તા. ૨૯

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં કમલા મિલ કમ્પાઉન્ડ સ્થિત એક અબવ રેસ્ટોરન્ટ, લંડન ટેક્સી બાર અને મૌજો પબમાં ગુરૂવારે ભીષણ આગ ફાટી નિકળ્યા બાદ ઓછામાં ઓછા ૧૫ લોકો બળીને ભડથુ થઈ ગયા છે અને અન્ય ૧૬ લોકો દાઝી ગયા છે. દાઝી ગયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર દર્શાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધી શકે છે. આગની ઘટનામાં મૃત્યુ પામેલા લોકોમાં ૧૨ મહિલાઓ અને ત્રણ પુરૂષોનો સમાવેશ થાય છે. ઘાયલ થયેલા લોકોને જુદી જુદી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. કિંગ એડવર્ડ મેમોરિયલ હોસ્પિટલે ૧૫ લોકોના મોતના અહેવાલને સમર્થન આપ્યુ છે. પોલીસે ૧-અબવ રેસ્ટોરન્ટની સામે આઈપીસીની કલમ ૩૦૪ હેઠળ કેસ દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. આગ લાગવા માટેના કારણોમાં તપાસ કરવામાં આવી રહી છે. જો કે ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લેવામાં સફળતા મળી ગઈ છે. હવે કુલિંગનુ કામ ચાલી રહ્યુ છે. પ્રાપ્ત માહિતી મુજબ આગ સૌથી પહેલા ૧-અબવ રેસ્ટોરન્ટમાં લાગી હતી. તેના વાંસ અને પ્લાસ્ટિકના બનેલા શેડમાં ભીષણ આગ પકડાઈ ગઈ હતી. આ આગ ત્યારબાદ ીજી બિલ્ડિંગમાં સ્થિત બાર મોજો અને લંડન ટેક્સીમાં ફેલાઈ ગઈ હતી. રેસ્ટોરન્ટમાં રહેલા લોકો પોતાને બચાવવા માટે વોશરૂમમાં છુપાઈ ગયા હતા. જો કે તેમાં ફસાઈ ગયા હતા. તેમને નિકળવા માટેના રસ્તા


● અનુસંધાન પાન-૭ પર



**શુદ્ધ દૂધ મેળવો**

ગીર ગાયનું શુદ્ધ દૂધ ઘરે બેઠા મેળવો.

ફક્ત ગાંધીનગર માટે જ

સંપર્ક કરો

8141735876

8320512383







